<u>આરાધન ક્રમ: ૨૨.૧૨.૨૦૧૬</u>

૧. નવકાર મંત્ર – | -૫ વખત

૨. ખામેમિ સવ્વે જીવે - | -૫ વખત

3. કેવળ કરૂણામૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ,
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ.
પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માંગુ એ જ,
સદ્ગુરૂ સંત સ્વરૂપ તુજ, એ દ્રઢતા કરી દે જ. - | -૫ વખત

૪. હે જીવ! તું મોહ ન કર, રાગ ન કર, દ્વેષ ન કર, |
પ્રમાદથી મુક્ત થઈ, <u>ૐના સ્વરૂપમાં લીન થા.</u> - | - ૧૧ વખત

૫. દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ,
હોય મુમુક્ષુ ઘટ વિશે, તેહ સદાય સુજાગ.
જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરૂષાર્થ,
ભવ સ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. - | - ૫ વખત

૬. ૐ પ્રભુ! સાથ આપો, રક્ષા કરો, કૃપા કરો, આજ્ઞામાં રાખો, આજ્ઞા આપો ૐ - | - ૧૧ વખત

૭. અમૃત સાગર પરમાત્મસ્વરૂપ, (શ્રી) રાજપ્રભુની કૃપાથી <u>મારે રાજ પ્રભુ જેવા થાવું છે</u>. - ૧૧ વખત

૮. ભેદ જ્ઞાનથી પરિપૂર્ણ, એવી અભેદ દશાની પ્રાપ્તિ થાઓ. - | - ૧૧ વખત

૯. ગુપ્ત રહેલા કરૂણાસાગરની અપૂર્વ કૃપા વરતે છે,
ગુપ્ત રહેલા કરૂણાસાગરની ધોધરૂપ કૃપા વરસે છે. - | - ૧૧ વખત

૧૦. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં, સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો. - અપૂર્વ અવસર
એહ પરમ પદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં, ગજા વગરને હાલ મનોરથરૂપ જો,
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો, પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.-અપૂર્વ અવસર –૨ વખત

૧૧. આજ્ઞાથી આજ્ઞાને પામવી છે, આજ્ઞાથી આજ્ઞાને માણવી છે. – ૨ વખત |
આજ્ઞાથી <u>આજ્ઞામાં લીન બનવું છે.</u> – ૨ વખત | - 3 વખત

૧૨. સર્વ પ્રભુજી ગુંજે છે, સર્વ જીવ કરૂં શાસન રસિ. - ૨ વખત |
શ્રી ૐ ધર્મ પ્રરૂપે છે, સર્વ જીવ કરૂં શાસન રસિ. - ૨ વખત |
શ્રી પંચપરમેષ્ઠિ માણે છે, સર્વ જીવ કરૂં શાસન રસિ. - ૨ વખત |
હે સર્વ જીવો અનુભવો, <u>સર્વ જીવ કરૂં શાસન રસિ.</u> - ૨ વખત | - ૨ વખત

૧૩. નિર્ધૂમ અગ્નિરૂપ પરમેષ્ઠિ સ્વરૂપ – ૨ વખત |
નિર્ધૂમ અગ્નિરૂપ પરમાત્મા સ્વરૂપ – ૨ વખત |
નિર્ધૂમ અગ્નિરૂપ પૂર્ણ સિદ્ધ સ્વરૂપ – ૨ વખત | - 3 વખત

૧૪. આતમ જ્યોતિ અનુભવી હું, શાંત રસમાં રમતી રહું. - ૨ વખત |
વીતરાગતાના તાણેવાણે, - ૨ વખત |
ચડતા ક્રમમાં સ્થિર બનું. |
એ અનુભવ મને નિત્ય રહો, - 3 વખત | - ૧ વખત

૧૫. ૐ – | - ૧ વખત